/

સરકારી કુમાર છાત્રાલય, ગોંડલ જિ. રાજકોટના મકાન બાંધકામની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૦૧૫/૮૫૩૭૪૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૭ /૧૦/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સા. ન્યા અને અ વિભાગના તા.૧૦-૫-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક અમશ/૧૦૧૫/૮૫૩૭૪૪/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા: ૦૫-૧૦-૨૦૧૬નો પત્ર ક્રમાંક: અજાક- ગ-૧-૪-૨૦૧૬-૧૭-૧૯૩૪૩.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના લોકોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા આપવા માટે સરકારી કુમાર છાત્રાલયોની યોજના ચલાવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના છાત્રાઓ માટે સારા મકાન અને પુરતા વિજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ( ૧) સરકારી કુમાર છાત્રાલય, માંડવી, જિ.કચ્છ (૨) સરકારી કુમાર છાત્રાલય,ગોંડલ, જિ. રાજકોટ (૩) અને (૪) વલ્લભ વિદ્યાનગર સંકુલ-૧ અને ૨ જિ. આણંદ(૫) પી.જી છાત્રાલય, વલ્લભ વિદ્યાનગરના મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં રૂ.૧૦૦૦.૦૦ લાખ ની નવી સેવાને વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૧૦-૦૫-૨૦૧૬ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.. જયારે સરકારી કુમાર છાત્રાલય, ગોંડલ જિ. રાજકોટના ના અંદાજો માર્ગ અને મકાન વિભાગ તરફથી મળ્યેથી તેની વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત વંચાણે લીધા ક્રમ-૨ પરના તા.૦૫-૧૦-૨૦૧૬ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે દરખાસ્ત કરેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉકત દરખાસ્તની વિગતો ને ધ્યાને લઇ સરકારી કુમાર છાત્રાલય, ગોંડલ જિ. રાજકોટના નવીન મકાનનાં બાંધકામ માટેના કુલ અંદાજીત ખર્ચ રૂ.૫,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ કરોડ ચાલીસ લાખ પુરા) ની તથા વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં તે અંગે મંજુર રહેલ રૂ. ૨૦૦/- લાખ (અંકે રૂપિયા બે કરોડ પુરા) ની જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં **P.W.D.** મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- (અનુસૂચિત જાતિ પેટા યોજના), મુખ્ય સદર- ૪૨૨૫, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૨) બીસીકે-૨૫-અનુસૂચિત જાતિ પેટા યોજના છોકરાઓ અને છોકરીઓ માટે સરકારી છાત્રાલયોનુ બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૫-૧૦-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન , જિ. ભુજ-કચ્છ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, જિ. રાજકોટ
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) જિ. રાજકોટ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. રાજકોટ
વિભાગની બજેટ શાખા, તથા કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા
વિનંતી સહ.
પસંદગી ફાઇલ.